તારીખ : 22/05/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

SAINT THOMAS SCHOOL SAVARKUNDLA

## સેન્ટ થોમસ ઈંગ્લીશ સ્કૂલ

ગીરધરવાવ પાછળ, મહુવારોડ, સાવરકુંડલા. ફોન : 94264 22144/02845-295032

### શું તમારા બાળકને ભવિષ્ય માટે મજબૂત આધાર મળી રહ્યો છે?

ઘણા વાલીઓને ચિંતા રહે છે !!!

પૂરતું વ્યક્તિગત ધ્યાન મળતું નથી * અભ્યાસનો મજબૂત આધાર નથી

અંગ્રેજી બોલવામાં આત્મવિશ્વાસ ઓછો છે,,,

### આ તમામ ચિંતાઓનું સમાધાન એટલે થોમસ સ્કુલ...

**અમારી વિશેષતાઓ**

- દર વર્ષે ૧૦૦% પરિણામ
- અંગ્રેજી માધ્યમ શિક્ષણ
- અનુભવી અને સંવેદનશીલ શિક્ષકો
- સુરક્ષિત અને શિસ્તબદ્ધ કેમ્પસ
- દરેક વિદ્યાર્થી પર વ્યક્તિગત ધ્યાન



### તમારા બાળકના ભવિષ્ય સાથે સમાધાન ન કરો.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે

## પ્રવેશકાર્ય શરૂ છે...

ધોરણ : નર્સરી થી ધોરણ-૯

દર વર્ષે 100 % પરિણામ

વહેલા પ્રવેશ માટે ખાસ લાભ

**સંપર્ક: 9376245177 /9033321323**

મર્યાદિત બેઠકો આજે જ પ્રવેશ લો!

કે.ડી. NEWS

તારીખ : 22/05/2026

# દ્વારકાધીશ મંદિરે અધિક માસ વસંત પંચમીની ઉજવણી થઈ



વસંત પંચમીના અવસરે મંદિર પ્રશાસન દ્વારા વિશેષ દર્શન માટે દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. બપોરે ૨:૦૦ વાગ્યે ઉત્સવ આરતી બાદ બપોરે 3:30 વાગ્યા સુધી દર્શન ખુલ્લા રહ્યા હતા.વિશેષ શણગાર: આ પાવન દિવસે ભગવાન દ્વારકાધીશને વિશેષ પુષ્પ શૃંગાર કરવામાં આવ્યો હતો.અધિક માસના ઉત્સવો: અધિક માસ દરમિયાન વસંત પંચમી ઉપરાંત હિંડોળા ઉત્સવ, પુષ્પ શૃંગાર, તુલસી વિવાહ અને અન્નકૂટ મનોરથ જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા અને દ્વારકાધીશને ધવલ વસ્ત્રો, હીરા જડિત સોના ચાંદીના આભૂષણોનો અલૌકિક શણગાર કરવામાં આવ્યો હતો સાથે જ અન્નકૂટ મનોરથ નું પણ આયોજન કરવામાં આવ્યું હતું અને મંદિર બપોરે પણ ખુલ્લું રાખવામાં આવ્યું હતું. ભક્તોએ દ્વારકાધીશના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને જય દ્વારકાધીશનો નાદ ગુંજી ઉઠ્યો હતો.

તારીખ : 22/05/2026

# ભાવનગર મંડળની ત્રણ જોડી સ્પેશિયલ ટ્રેનો હવે નિયમિત રીતે દોડશે



યાત્રિયોની સુવિધા, તેમની વધતી માંગ અને ટ્રેનોને મળી રહેલા ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં રાખીને રેલવે બોર્ડ દ્વારા પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળની ત્રણ જોડી સ્પેશિયલ ટ્રેનોને હવે જૂન, 2026થી નિયમિત ટ્રેનો તરીકે ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન અને પ્રયાસોથી શક્ય બન્યો છે.આ અંગે માહિતી આપતાં વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, આ ટ્રેનોના નિયમિત સંચાલનથી યાત્રિયોને પૂર્વ આયોજનમાં સરળતા મળશે તેમજ ભાડામાં ઘટાડાના કારણે સસ્તી મુસાફરીનો લાભ મળશે. ટ્રેનોની વિગત નીચે મુજબ છેઃટ્રેન નંબર 09529/09530 ધોળા–ભાવનગર ટર્મિનસ દૈનિક સ્પેશિયલ હવે ટ્રેન નંબર 59239/59240 ધોળા–ભાવનગર દૈનિક પેસેન્જર તરીકે દોડશે. ટ્રેન નંબર 59239 ધોળા–ભાવનગર ટર્મિનસ દૈનિક પેસેન્જર ધોળા સ્ટેશનથી 11.30 વાગ્યે પ્રસ્થાન કરી 12.50 વાગ્યે ભાવનગર ટર્મિનસ પહોંચશે. તેવી જ રીતે પરત ફરતી ટ્રેન નંબર 59240 ભાવનગર ટર્મિનસ–ધોળા દૈનિક પેસેન્જર ભાવનગર ટર્મિનસથી 13.15 વાગ્યે પ્રસ્થાન કરી 14.35 વાગ્યે ધોળા પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં સણોસરા, બજુડ, સોનગઢ, સિહોર (ગુજરાત), ખોડિયાર મંદિર, વરતેજ અને ભાવનગર પરા સ્ટેશનો પર રોકાશે. આ બંને ટ્રેનો માટે આ ફેરફાર 01 જૂન 2026થી અમલમાં આવશે.ટ્રેન નંબર 09215/09216 ગાંધીગ્રામ–ભાવનગર ટર્મિનસ દૈનિક સ્પેશિયલ હવે ટ્રેન નંબર 59231/59232 ગાંધીગ્રામ–ભાવનગર ટર્મિનસ દૈનિક પેસેન્જર તરીકે ચાલશે. ટ્રેન નંબર 59231 ગાંધીગ્રામ–ભાવનગર ટર્મિનસ દૈનિક પેસેન્જર ગાંધીગ્રામથી 06.35 વાગ્યે પ્રસ્થાન કરી 11.25 વાગ્યે ભાવનગર ટર્મિનસ પહોંચશે. આ ફેરફાર 02.06.2026થી અમલમાં આવશે. તેવી જ રીતે પરત ફરતી ટ્રેન નંબર 59232 ભાવનગર ટર્મિનસ–ગાંધીગ્રામ દૈનિક પેસેન્જર ભાવનગર ટર્મિનસથી 17.00 વાગ્યે પ્રસ્થાન કરી 21.55 વાગ્યે ગાંધીગ્રામ પહોંચશે. આ ફેરફાર 01.06.2026થી અમલમાં આવશે. આ ટ્રેન બંને દિશામાં વસ્ત્રાપુર, સરખેજ, બાવળા, ધોળકા, ધંધુકા, બોટાદ, ધોળા, સિહોર (ગુજરાત) અને ભાવનગર પરા સ્ટેશનો પર રોકાશે.ટ્રેન નંબર 09211/09212 ગાંધીગ્રામ–બોટાદ દૈનિક સ્પેશિયલ હવે ટ્રેન નંબર 59237/59238 ગાંધીગ્રામ–બોટાદ દૈનિક પેસેન્જર તરીકે દોડશે. ટ્રેન નંબર 59237 ગાંધીગ્રામ–બોટાદ દૈનિક પેસેન્જર ગાંધીગ્રામથી 09.15 વાગ્યે પ્રસ્થાન કરી 13.30 વાગ્યે બોટાદ પહોંચશે. તેવી જ રીતે પરત ફરતી ટ્રેન નંબર 59238 બોટાદ–ગાંધીગ્રામ દૈનિક પેસેન્જર બોટાદથી 14.05 વાગ્યે પ્રસ્થાન કરી 18.05 વાગ્યે ગાંધીગ્રામ પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં વસ્ત્રાપુર, સરખેજ, મોરૈયા, મટોડા, બાવળા, ધોળકા, ગોધનેશ્વર, કોઠ ગાંગડ, અરનેજ, લોથલ ભુરખી, લોલિયા, હડાળા ભાલ, ધોળી ભાલ, રાયકા, ધંધુકા, તગડી, ભીમનાથ, ચંદરવા, જાલિલા રોડ, સારંગપુર રોડ અને અલાઉ સ્ટેશનો પર રોકાશે. આ બંને ટ્રેનો માટે આ ફેરફાર 01.06.2026થી અમલમાં આવશે.મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ જણાવ્યું હતું કે, આ નિર્ણય મુસાફરો માટે અત્યંત લાભદાયક સાબિત થશે, જેના કારણે તેમને નિયમિત, સુલભ અને કિફાયતી રેલ સેવાઓનો લાભ મળશે.

અતુલ કુમાર ત્રિપાઠી
વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધકપશ્ચિમ રેલવે, ભાવનગર મંડલ

કે.ડી. NEWS
તારીખ : 22/05/2026

# અમરેલી જિલ્લામાં ડીઝલની અછત



એક બાજુ તાપ અને બીજું બાજુ પરેશાન જગતનો તાતઅંગ દઝાડતી ગરમી પડી રહી છે અને અમરેલી જિલ્લાની વાત કરવામાં આવે તો 21 મે 2026 ગુરુવારના રોજ 41.7 ડિગ્રી તાપમાન રહ્યું હતું અને આવી ગરમીમાં અમરેલી શહેર રાજુલા અને સાવરકુંડલામાં ખેડૂતો વહેલી સવારથી જ લાંબી કતારો માં ડીઝલ પુરાવા માટે ઊભા રહ્યા હતા. કાળઝાળ ગરમી અને તાપમાન વધતા ખેડૂતો પરેશાન થયા હતા. તો અમુક જગ્યાએ વિરોધ પ્રદર્શન કરી ચક્કાજામ પણ કર્યો હતો. 24 કલાકે મળતું ડીઝલ ત્રણથી ચાર દિવસે મળે છે અત્યારે ખેડૂતોને ખેતીકામ માટે જરૂરી ડીઝલ મેળવવા ખેડૂતોને એક કિલોમીટર સુધીની લાંબી લાઈનમાં 40 ડિગ્રીને પાર તાપમાનમાં ઊભા રહેવું પડે છે છતાં પણ પુરતું ડીઝલ મળતું નથી જેના કારણે ખેતીવાડીના કામો પર સીધી અસર પડી રહી છે ત્યારે સરકાર અને તંત્ર જલ્દીથી જ સમસ્યાનો ઉકેલ લાવે તેવી માંગ ઉઠી છે.

તારીખ : 22/05/2026

# ગુજરાત કેડરના 2025ની બેચના 8 પ્રોબેશનરી IAS અધિકારીઓ સાથે ગાંધીનગર ખાતે મુલાકાત કરતા મુખ્યમંત્રીશ્રી...



ગુજરાત કેડરના 2025ની બેચના 8 પ્રોબેશનરી IAS અધિકારીઓ સાથે ગાંધીનગર ખાતે સૌજન્ય મુલાકાત ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે કરી હતી.મસુરીની લાલ બહાદુર શાસ્ત્રી વહીવટ અકાદમી અને સ્પીપા (SPIPA) ખાતેની તાલીમ પૂર્ણ કરી હવે બાવન સપ્તાહની જિલ્લા તાલીમ શરૂ કરવા જઈ રહેલા સૌ યુવા અધિકારીઓને ઉજ્જવળ કારકિર્દી માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી અને વહીવટી સેવામાં સામાન્ય, ગરીબ અને વંચિત માનવીના કલ્યાણને કેન્દ્રમાં રાખીને, સેવાના સંકલ્પ સાથે જનહિતના કાર્યો કરવા માટે આ અધિકારીઓને આહવાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે કર્યું હતું.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 22/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## જલ્દી જ

# આવી રહ્યો છે

## દરેક ધંધાર્થીનુ

# ડિજિટલ પોર્ટલ



તારીખ : 22/05/2026

# આલાપ સંગીત ક્લાસ સુરત ખાતે સંગીત પરીક્ષાઓ યોજાઈ..




તાજેતરમાં આલાપ સંગીત ક્લાસ સુરત ખાતે સત્ર એપ્રિલ/મે 2026 દરમિયાન સંગીતની પરીક્ષાઓ યોજવામાં આવી હતી, જેમાં પરીક્ષક તરીકે શ્રી વિક્રમભાઈ ખાંભલા ની નિમણૂક કરવામાં આવી હતી. સાહેબશ્રીએ જવાબદારીપૂર્વક ફરજ નિભાવી હતી. આ પ્રસંગે ગુજરાત સરકાર માન્ય નવગુજરાત સંગીત વિદ્યાપીઠ વતી કલાગુરુ સંગીત શિક્ષાવિશારદ શ્રી કલ્પેશભાઈ વડીયા સાહેબે શ્રી વિક્રમભાઈ ખાંભલાને ટ્રોફી અર્પણ કરી સન્માનિત કર્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 22/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Aavkar
RESTAURANT & BANQUET HALL

## મૈસુર મસાલા ઢોસા



Crispy - Spicy - Iconic

કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

તારીખ : 22/05/2026

# ચેન્નઈ સામે ગુજરાતની ભવ્ય જીત




આઈપીએલ-2026માં 21 મે 2026 ગુરુવારના રોજ ચેન્નઈ અને ગુજરાત વચ્ચે મેચ રમાઈ હતી.ગુજરાત ટાઈટન્સે ચેન્નાઈ સામે 89 રન દમદાર જીત મેળવી છે. ગુજરાતે પ્રથમ બેટિંગ કરીને 20 ઓવરમાં ચાર વિકેટે 229 રન નોંધાવ્યા હતા, જેની સામે ચેન્નાઈની ટીમ માત્ર 140 રનમાં ઓલઆઉટ થઈ ગઈ છે. ગુજરાત તરફથી સાંઈ સુદર્શન, કેપ્ટન શુભમન ગિલ અને જોશ બટલરે ફિફ્ટી ફટકારી જીતમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે, તો મોહમ્મદ સિરાજ, કાગીશો રબાડા અને રાશિદ ખાને દમદાર બોલિંગ કરીને ચેન્નાઈને સસ્તમાં ઓલઆઉટ કરી દીધું હતું.

તારીખ : 22/05/2026

# ગુજરાત સહિત 10 રાજ્યોમાં 18 જૂનના રોજ રાજ્ય સભાની ચૂંટણી યોજાશે...



ભારત દેશમાં ખાલી થઈ રહેલી રાજ્યસભાની બેઠકોને લઈને ચૂંટણી પંચે એક મોટું જાહેરનામું બહાર પાડીને ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી દીધી છે. ગુજરાત અને મધ્યપ્રદેશ સહિત દેશના 10 રાજ્યોની કુલ 24 રાજ્યસભા બેઠકો પર આગામી જૂન મહિનામાં ચૂંટણી યોજાશે. 18 જૂને મતદાન અને મતગણતરી થશે.ભારતીય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર કાર્યક્રમ અનુસાર, દેશના 10 રાજ્યોની 24 રાજ્યસભા બેઠકો પર પેટાચૂંટણી (અથવા દ્વિવાર્ષિક ચૂંટણી) યોજાવા જઈ રહી છે.

આ બેઠકો પર આગામી 18 જૂન 2026 ના રોજ સવારે 9 વાગ્યાથી સાંજના 4 વાગ્યા સુધી મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. મતદાન પૂર્ણ થયા બાદ તે જ દિવસે સાંજે 5 વાગ્યાથી મતગણતરી શરૂ કરી દેવાશે અને રાત સુધીમાં તમામ પરિણામો સ્પષ્ટ થઈ જશે. પંચના જણાવ્યા મુજબ, સમગ્ર ચૂંટણી પ્રક્રિયા 20 જૂન 2026 સુધીમાં પૂર્ણ કરી લેવામાં આવશે.ચૂંટણીનો સંપૂર્ણ કાર્યક્રમ ની વાત કરવામાં આવે તો ચૂંટણી જાહેરનામું: 1 જૂન2026 નામાંકન ભરવાની છેલ્લી તારીખ: 8 જૂન 2026 ના રોજ જ્યારે નામપત્રોની ચકાસણી (Scrutiny): 9 જૂન 2026ના રોજ થશે. અને નામ ખેંચવાની છેલ્લી તારીખ: 11 જૂન 2026 અને મતદાન અને પરિણામ: 18 જૂન 2026 ના રોજ થશે. ગુજરાતની વાત કરવામાં આવે તો ગુજરાતમાં રામભાઈ મોકરિયા, નરહરિ અમીન,શક્તિસિંહ ગોહિલ અને રમીલાબેન બારાની મુદત પૂરી થશે.

તારીખ : 22/05/2026

# આજે આંતરરાષ્ટ્રીય જૈવિક વિવિધતા..



આંતરરાષ્ટ્રીય જૈવિક વિવિધતા દિવસ (અથવા વિશ્વ જૈવિક વિવિધતા દિવસ ) એ જૈવવિવિધતાના મુદ્દાઓને પ્રોત્સાહન આપવા માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મંજૂર કરાયેલ આંતરરાષ્ટ્રીય દિવસ છે . હાલમાં તે 22 મે ના રોજ ઉજવવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય જૈવવિવિધતા દિવસ દર વર્ષે ૨૨ મે ના રોજ ઉજવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય પૃથ્વી પરની વનસ્પતિ અને જીવજંતુઓની વિવિધતા (જૈવવિવિધતા) ના સંરક્ષણ અંગે વૈશ્વિક જાગૃતિ ફેલાવવાનો છે.મુખ્ય વિગતો:હેતુ: માનવ જીવન અને પર્યાવરણના સંતુલન માટે અત્યંત જરૂરી એવી પ્રકૃતિની જાળવણી કરવી.ઉજવણી: આ ખાસ દિવસ નિમિત્તે ભારતભરમાં અને ગુજરાતમાં વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.વર્ષ ૨૦૨૬ ની થીમ: વર્ષ ૨૦૨૬ માટે આ દિવસની થીમ "સ્થાનિક સ્તરે કાર્ય – વૈશ્વિક સ્તરે પ્રભાવ" ('Acting Locally for Global Impact') નક્કી કરવામાં આવી છે.

KID NEWS

# 'બોમ્બથી ઉડાવી દઈશું': PM મોદીને ઝાલમુરી ખવડાવનાર દુકાનદારને જાનથી મારી નાખવાની ધમકી!



**પાકિસ્તાનથી આવ્યો વીડિયો કોલ,**
**હથિયારો દેખાડી આપી જાનથી મારી નાખવાની ધમકી!**

પશ્ચિમ બંગાળના ઝાડગ્રામમાં ઝાલમૂરી વેચનાર દીપક કુમારને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે. દીપકની દુકાનમાંથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બંગાળ ચૂંટણી પ્રચાર દરમિયાન ઝાલમૂરી ખરીદીને ખાંધી હતી. આ ઘટના પછી દીપક કુમાર ચર્ચામાં આવ્યા હતા.




દીપકને પાકિસ્તાન અને બાંગ્લાદેશથી **ફોન કોલ** આવી રહ્યા છે.

કોલ કરનારા લોકો તેમની દુકાન ઉડાવી દેવાની ધમકી આપી રહ્યા છે.

વીડિયો કોલમાં કેટલાક લોકો **હથિયારો** પણ બતાવી રહ્યા છે.

દીપકે જણાવ્યું કે, "મને અને મારા પરિવારને ખૂબ ડર લાગે છે. અમે સરકાર પાસે સુરક્ષા આપવાની માંગ કરીએ છીએ."

**20 એપ્રિલે PM મોદીએ** ઝાડગ્રામમાં ચૂંટણી રેલી કરી હતી. રોડ શો દરમિયાન તેમણે દીપક કુમારની દુકાનમાંથી ઝાલમૂરી ખરીદીને ખાધી હતી.



PMએ દીપક સાથે થયેલી આ મુલાકાતનો **લગભગ 40 સેકન્ડનો વીડિયો** અને ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા હતા.

## આ ઘટનાએ ઉભા કર્યા ગંભીર સવાલો

શું એક સામાન્ય દુકાનદારને આવી ધમકીઓ આપનારાઓ સામે સુરક્ષા છે ?

દેશના વડાપ્રધાન સાથે જોડાયેલી ઘટના બાદ પણ સ્થાનિક સુરક્ષા કેમ નથી ?

આંતરરાષ્ટ્રીય તત્વો દ્વારા ભારતમાં અશાંતિ ફેલાવવાનો પ્રયાસ ?

## દીપક કુમારને સુરક્ષા આપો!

**ધમકીઓ આપનારાઓ સામે કડક કાર્યવાહીની માંગ!**

કે.ડે. NEWS

તારીખ : 22/05/2026

# IPLમાં પ્રથમવાર ધોની એક પણ મેચ ન રમ્યો




આઈપીએલ ૨૦૨૬ માં પોતાની છેલ્લી લીગ મેચમાં રમવા ચેન્નાઈ સુપર કિંગ્સ ગુજરાત ટાઈટન્સ સામે મેદાનમાં ઉતરતા સાથે જ લાંબા સમયથી ચાલતી એક પરંપરા તૂટી ગઈ. ૧૮ વર્ષમાં આ પહેલીવાર બન્યું છે કે મહેન્દ્ર સિંહ ધોનીએ સમગ્ર આઈપીએલ સિઝનમાં એક પણ લીગ મેચ નથી રમ્યો.

ધોની ઈજાને કારણે ઈંડક ૨૦૨૬ ની શરૂઆતથી જ ગેમથી બહાર છે, જે સીએસકે માટે મોટો ફટકો છે. સિઝન શરૂ થાય તે પહેલા પ્રિ-સિઝન કેમ્પ દરમિયાન ધોનીને ઈજા થઈ હતી. ટીમ મેનેજમેન્ટને શરૂઆતમાં આશા હતી કે તે ફક્ત બે અઠવાડિયામાં સાજો થઈ જશે. જોકે, ઈજા વધુ ગંભીર હતી. ધોનીએ વાપસીનો પ્રયાસ કર્યો, જેનાથી ઈજા વધુ ખરાબ થઈ. ત્યારબાદ લીગ સ્ટેજની અંતિમ મેચો દરમિયાન તેને અંગૂઠામાં નવી ઈજા થઈ.

ઈજા બાદ ધોની રાંચી પાછો ફર્યો. ટીમે જણાવ્યું છે કે જો સીએસકે પ્લેઓફમાં પહોંચે તો ધોની ટીમમાં ફરી જોડાઈ શકે છે, પરંતુ હાલમાં તેને અંગૂઠામાં ઈજા છે. એવું પણ જોવા મળતું કે જ્યારે કોઈ ખેલાડી આઉટ થાય અને ગ્રાઉન્ડ ઉપર મહેન્દ્રસિંહ ધોની આવવાનો હોય ત્યારે બ્રેક પણ આપવામાં ન આવતો એટલી બધી લોગ ચાહના અને ફ્રેન્ડ ફોલોવિંગ ધરાવતા માહી જાણીતા ધોની ipl માં એક પણ મેચ ન રમ્યા તો ચાહકો પણ નિરાશ થયા હતા.

તારીખ : 22/05/2026

# ઔદ્યોગિક તાલીમ સંસ્થા અમરેલી ખાતે એલ.આર.ઈ સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ યોજાયો

અમરેલી તા. ૨૧ મે,૨૦૨૬ (ગુરૂવાર) - ક્વેસ્ટ અલાઈન્સ NGO દ્વારા આઈ.ટી.આઈ.માં તાલીમ લેતા તાલીમાર્થીઓમાં એમ્પ્લોયબિલિટી સ્કિલ તથા સોફ્ટ સ્કિલ અને ઉદ્યોગ સાહસિકતાના ગુણ વિકસે તે માટે લર્નિંગ રેકગ્નાઈઝેશન ઈવેન્ટની ક્વિઝ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં અમરેલી જિલ્લાની તમામ આઈ.ટી.આઈના વિજેતાઓને પુરસ્કૃત કરવા માટે નોડલ આઈ.ટી.આઈ અમરેલી ખાતે તા.૧૯-૦૫-૨૦૨૬ને મંગળવારના રોજ સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જે અંતર્ગત વિજેતા થયેલા ૨૪ તાલીમાર્થીઓને સંસ્થાના પ્રિન્સિપાલ ડો. ટી.એમ.ભટ્ટ તથા આઈ.ટી.આઈ લીલીયાના પ્રિન્સિપાલ કુ.વી.ડી.પરીખ, આઈ.ટી.આઈ.જાફરાબાદના પ્રિન્સિપાલ પરમાર અને ક્વેસ્ટ અલાઈન્સના અધિકારીશ્રીઓએ ઉપસ્થિત રહીને તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા તેમજ ઉજ્જવળ કારકિર્દી વિષયક માહિતી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું, તેમ આઈ.ટી.આઈ અમરેલીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

KID NEWS

# આજે સૌરાષ્ટ્ર અને દ. ગુજરાતમાં વરસાદની આગાહી!



## 9 શહેરોનું તાપમાન 40 ડિગ્રીથી વધુ નોંધાયું, તાપમાનમાં 2 ડિગ્રી સુધીનો ઘટાડો થતાં ગરમીમાં આંશિક રાહત

### છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પારો ઊંચકાયો હતો

- 43 ડિગ્રી સેલ્સિયસ આસપાસ મહત્તમ તાપમાન નોંધાયું.
- અમદાવાદમાં છેલ્લાં 3-4 દિવસથી સતત ગરમીનો પાત 43.7 ડિગ્રી નોંધાયો.
- રાજ્યમાં અન્ય વિસ્તારોમાં પણ અંગ દઝાડતી ગરમી પાડી.
- 9 શહેરોનું તાપમાન 40 ડિગ્રીથી વધુ નોંધાયું.

### 9 શહેરોનું તાપમાન 40°C થી વધુ

| | | | |
|---|---|---|---|
| અમદાવાદ | 41.7°C | ભાવનગર | 40.5°C |
| નડિયાદ | 41.2°C | સુરત | 40.4°C |
| રાજકોટ | 41.0°C | ભુજ | 40.3°C |
| ગાંધીનગર | 40.8°C | જામનગર | 40.2°C |
| વડોદરા | 40.6°C | | |

### પવનની દિશા બદલાઈ જવાને કારણે તાપમાનમાં ઘટાડો

છેલ્લા 24 કલાકમાં રાજાના દિવક શહેરોમાં મહત્તમ તાપમાન દોઢથી 2 ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો નોંધાયો.

2°C સુધીનો ઘટાડો

### આજે 22 મેની આગાહી

**સૌરાષ્ટ્ર અને દ. ગુજરાતમાં વરસાદની આગાહી**

ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, નવસારી, તાપી, ડાંગ, વલસાડ તેમજ દમણ અને દાદરા નગર હવેલી વિસ્તારમાં વરસાદની સંભાવના.

### આગામી 7 દિવસ

**તાપમાનમાં ખાસ કોઈ ફેરફાર નહીં**

ગરમી યથાવત્ રહેવાની શક્યતા, કેટલાક વિસ્તારોમાં વરસાદની આગાહી.

### અમદાવાદનું તાપમાન 2 ડિગ્રી ગગડયું, છતાં 44 ડિગ્રી જેવો અનુભવ થયો

- વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી ભેજનું પ્રમાણ વધ્યું.
- ગરમીનો પારો 2 ડિગ્રી ગગડયો.
- ભેજથી બફારાંને કારણે 42 ડિગ્રીએ 44 ડિગ્રીનો અનુભવ થવાની શક્યતા.
- 21 મે: મહત્તમ 41.7°C, લઘુતમ 28.6°C નોંધાયું.

41.7°C મહત્તમ

28.6°C લઘુતમ

અનુભવ 44°C જેવો

### દેશમાં ચોમાસાની સ્થિતિ

**કેરળમાં 26 મે ના રોજ દસ્તક આપી શકે છે નૈઋત્યનું ચોમાસું**

- આગામી 3-4 દિવસમાં ચોમાસું દક્ષિણ-પૂર્વ અરબી સમુદ્ર, કોમોરિન વિસ્તાર, દક્ષિણ-પશ્ચિમ અને દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડી તેમજ અંદમાન સમુદ્રના બાકીના ભાગો તરફ આગળ વધશે.
- કેરળમાં ચોમાસાનું આગમન 26 મે, 2026 ના રોજ થવાની પ્રબળ સંભાવના (±4 દિવસનો તફાવત શક્ય).

**ગુજરાતમાં ચોમાસું 15 થી 20 જૂન વચ્ચે દક્ષિણ ગુજરાત તરફથી પ્રવેશ કરી શકે**

- હાલની દૃષ્ટિએ આ વખતે ચોમાસામાં સામાન્ય ફેરફાર આવી શકે.
- પ્રિ-મોન્સૂન સિઝનમાં ચક્રવાત જેવી સ્થિતિનું સર્જન થાય તો ફેરફાર થવાની શક્યતા પ્રબળ છે.

## હવામાન પર નજર રાખો, સાવચેતી રાખો, સુરક્ષિત રહો!

KID NEWS

# ઘરે બેઠા મફતમાં ઈ-આધાર ડાઉનલોડ કરો!




**કોઈ ફી નહીં! 100% માન્ય!**
બધી જગ્યાએ આધાર કાર્ડ જેટલું જ માન્ય.

## ઈ-આધાર શું છે?


આધાર કાર્ડની વર્ચ્યુઅલ કોપી (PDF ફાઈલ) આ છે આધાર કાર્ડ જેટલી જ માન્ય અને સુરક્ષિત, જેને તમે ક્યારે પણ ડાઉનલોડ કરી શકો છો.

બેંકિંગ | શિક્ષણ | હોસ્પિટલ | પ્રવાસ

અને સરકારની તમામ સુવિધાઓમાં માન્ય!

## ઈ-આધાર ડાઉનલોડ કરવાની સરળ પ્રક્રિયા

**1**



સૌ પ્રથમ UIDAIની વેબસાઈટ https://uidai.gov.in પર જાઓ.

**2**




તે પછી My Aadhaar વિભાગમાં જઈને Download Aadhaar પર ક્લિક કરો.

**3**




તે પછી તમને આગલા પેજ પર Download Aadhaar નો વિકલ્પ મળશે. તેના પર ક્લિક કરો.

**4**





તે પછી આધાર નંબર અને કેપ્ચા દાખલ કરો અને પછી Send OTP બટન પર ક્લિક કરો.

**5**




મોબાઈલ પર UIDAI તરફથી એક OTP મોકલવામાં આવશે. જેને સંબંધિત બોક્સમાં દાખલ કરો અને પછી Download Aadhaar પર ક્લિક કરો.

**6**




આધાર ડાઉનલોડ થયા પછી, નામના શરૂઆતના ચાર અક્ષરો અને જન્મનું વર્ષ દાખલ કરીને PDF ફાઈલ ખોલો.




**આધાર છે, તો અધિકાર છે!**
હવે ઘરે બેઠા મફતમાં ડાઉનલોડ કરો તમારો ઈ-આધાર.



કે.ડી. NEWS
તારીખ : 22/05/2026

# "પી.એમ પોષણ યોજના" અન્વયે અમરેલી તાલુકાના વિવિધ મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલક-કમ-કુક રસોયા અને મદદનીશની આવશ્યકતા : તા.૨૭ મે સુધીમાં અરજી કરવી

અમરેલી, તા.૨૧ મે, ૨૦૨૬ (ગુરૂવાર) - પી.એમ પોષણ (મધ્યાહન ભોજન) યોજના અન્વયે જિલ્લાના અમરેલી તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓના મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલક-કમ-કુક, રસોયા અને મદદનીશની આવશ્યકતા છે. અમરેલી તાલુકાની નાના ગોખરવાળા પ્રાથમિક શાળા, મોટા માચીયાળા પ્રાથમિક શાળા, મેડી પ્રાથમિક શાળા, માલવણ પ્રાથમિક શાળા, રીકડી પ્રાથમિક શાળા, મેડી પ્રાથમિક શાળા, માલવણ પ્રાથમિક શાળા, રીકડીયા પ્રાથમિક શાળા ખાતે સંચાલક-કમ-કુકની આવશ્યકતા છે. જ્યારે બહારપરા કુમાર શાળા પ્રાથમિક શાળા, કે.કે પારેખ પ્રાથમિક શાળા ૧-૫ અમરેલી, કે.કે.પારેખ પ્રાથમિક શાળા ૬થી ૮ અમરેલી, કાઠમા પ્રાથમિક શાળા, ચાંદગઢ પ્રાથમિક શાળા, ચક્કરગઢ પ્રાથમિક શાળા, તરવડા પ્રાથમિક શાળા, પાણીયા પ્રાથમિક શાળા, ફતેપુર પ્રાથમિક શાળા, મોટા માંડવડા પ્રાથમિક શાળા, લાપાળીયા પ્રાથમિક શાળા, શેડુભાર – પ્લોટ પ્રાથમિક શાળા, સાંગાડેરી પ્રાથમિક શાળા, નાના ગોખરવાળા પ્રાથમિક શાળા ખાતે રસોયાની આવશ્યકતા છે. જ્યારે ગુરૂકૃપા-૩ પ્રાથમિક શાળા અમરેલી, તરવડા પ્રાથમિક શાળા, દેવભૂમિ દેવળીયા પ્રાથમિક શાળા, મોટા માંડવડા પ્રાથમિક શાળા, લાપાળીયા પ્રાથમિક શાળા, લાલાવદર પ્રાથમિક શાળા, વરસડા પ્રાથમિક શાળા, શેડુભાર પ્લોટ પ્રાથમિક શાળા ખાતે મદદનીશની આવશ્યકતા છે. સંચાલક-કમ-કુક માટે ધો. ૧૦ પાસ શૈક્ષણિક લાયકાત ઓછામાં ઓછી ૨૦ વર્ષ અને ૬૦ વર્ષની વચ્ચેની વય ધરાવતા ઉમેદવારોએ નિયત નમૂનામાં અરજી કરવી. જરૂરી નમુનાનું અરજી પત્રક મામલતદાર કચેરી, જિલ્લા સેવાસદન, ગ્રાઉન્ડ ફ્લોર, રાજ મહેલ કેમ્પસ, અમરેલીમાંથી મળી શકશે. જરૂરી વિગતો ભરી આધાર પુરાવા સાથોનું અરજીપત્રક તા. ૨૭.૦૫.૨૦૨૬ના રોજ બપોરના ૦૪ વાગ્યા સુધીમાં મામલતદાર, અમરેલી ગ્રામ્યની રજિસ્ટ્રી શાખાને પહોંચાડવાનું રહેશે. તેમ લાઠી મામલતદારશ્રી અમરેલી ગ્રામ્યએ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

તારીખ : 22/05/2026

# પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના ૨૦૨૬ : યુવાઓ માટે કારકિર્દી ઘડતરની સોનેરી તક

## પ્રતિષ્ઠિત કંપનીઓમાં ઈન્ટર્નશીપનો લાભ મેળવવા માટે www.pminternship.mca.gov.in પર ઓનલાઈન અરજી – રજિસ્ટ્રેશન કરાવવું અથવા અમરેલી જિલ્લા રોજગાર કચેરીનો સંપર્ક કરવો

અમરેલી તા.૨૧ મે, ૨૦૨૬ (ગુરુવાર) - દેશની ટોચની પ્રતિષ્ઠિત કંપનીઓમાં કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી ઈન્ટર્નશીપ યોજના અમલી છે. આ યોજના અંતર્ગત ધો.૧૦, ધો.૧૨, આઈ.ટી.આઈ. ડિપ્લોમા તથા ગ્રેજ્યુએટ ની શૈક્ષણિક લાયકાત ધરાવતા અને ૧૮-૨૫ વર્ષની વય ધરાવતા, ફૂલ ટાઈમ નોકરી કે અભ્યાસ કરતા ના હોય તેવા રોજગાર ઈચ્છુક ઉમેદવારોને દેશની ટોચની કંપનીમાં વિનામૂલ્યે ઈન્ટર્નશીપનો લાભ મળી શકે છે.

પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોને ઉદ્યોગ જગત સાથે જોડીને તેમના કૌશલ્યમાં વધારો કરવાનો છે. પસંદગી પામનાર ઉમેદવારોને સ્ટાઈપેન્ડ, જોડાણ ભથ્થુ તથા નિર્ધારિત સમયગાળાની ઈન્ટર્નશિપનો લાભ મળશે. આ યોજનાનો લાભ મેળવવા માંગતા હોય તેવા રોજગારવાંચ્છુ પૂર્ણકાલીન રોજગારથી ન જોડાયેલા ઉમેદવારોએ www.pminternship.mca.gov.in પર ઓનલાઈન અરજી કરી રજિસ્ટ્રેશન કરાવવું.

વધુ વિગતો માટે ઉમેદવારો ટોલ ફ્રી નં. ૧૮૦૦૧૧૬૦૯૦ પર સંપર્ક કરી અને માર્ગદર્શન મેળવી શકે છે. વધુ વિગતો માટે અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી, બહુમાળી ભવન, રાજમહેલ કમ્પાઉન્ડનો રૂબરૂ અથવા ટેલિફોન નંબર (૦૨૭૯૨) ૨૨૩૩૯૪ પર સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા રોજગાર અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

K/D NEWS

# ડાર્ક વેબના એક IPથી ખુલ્યો 226 કરોડના ટેરર ફંડિંગનાં કારોબાર!




## અમદાવાદથી UK સુધી પહોંચ્યા પોલીસના તાર; જાણો ઓપરેશનની ઇનસાઇડ સ્ટોરી!

### ડ્રગ્સ વેન્ડરના ટ્રાન્ઝેક્શન પોલીસના રડારમાં આવ્યા

- ડાર્ક વેબ પર ચાલતા ડ્રગ્સ કારોબાર સાથે જોડાયેલા શંકાસ્પદ IP પર સતત નજર રાખવામાં આવી.
- artemislabs.cc નામની વેબસાઇટ સાથે જોડાયેલા ડ્રગ્સ વેન્ડરના ટ્રાન્ઝેક્શન રડારમાં આવ્યા.
- આ વેન્ડર મારફતે 10 અલગ-અલગ ક્રિપ્ટો વોલેટમાં રકમ ટ્રાન્સફર થતી.

### 10 વોલેટની તપાસમાં મોટો ભેદ ખૂલ્યો

- 10 વોલેટનું ટેક્નીકલ એનાલિસિસ કરતાં 9 વોલેટ વિદેશી, 1 વોલેટ ભારતનું હોવાનું સામે આવ્યું.
- KYC અને ડિજિટલ વિગતો મળતાં આ વોલેટ અમદાવાદના દાણીલીમડાના મોહસીન મુલાનીનું હોવાનું બહાર આવ્યું.

### મોહસીનના વોલેટ સાથે 8 અન્ય એકાઉન્ટ જોડાયેલા હતા

- મોહસીન મુલાનીના ક્રિપ્ટો ટ્રાન્ઝેક્શનની ઊંડાણપૂર્વક તપાસ કરતાં તેના વોલેટ સાથે 8 અન્ય એકાઉન્ટ જોડાયેલા હોવાનું સામે આવ્યું.
- એક મોનેરો વોલેટમાં એક સમયે 56 હજાર ડોલર જેટલી રકમ ટ્રાન્સફર થઈ હોવાનું ખબર્યું.

### મોહંમદ જુબેર પોપટીયાનું વોલેટ સૌથી વધુ શંકાસ્પદ

- અન્ય 9 ભારતીય વોલેટ સાથેના કનેક્શન સામે આવ્યા.
- મોહંમદ જુબેર પોપટીયાના વોલેટમાં ઇઝરાયેલમાં MBCTA દ્વારા સીઝ કરાયેલા વોલેટમાંથી સીધે રકમ આવતા જણાયું.

### UKથી હવાલા-આંગડિયા મારફતે ભારતમાં નાણાં ટ્રાન્સફર કરાવતો

- સલમાન UKમાંથી માહિતી આપતો અને ભારતમાં હવાલા તથા આંગડિયા મારફતે નાણાં ટ્રાન્સફર કરાવતો.
- સલમાનના પિતા ગુલામઅલી અંસારીની પણ ધરપકડ.
- 2023-24 દરમિયાન આશરે 2 કરોડ રૂપિયાની રકમ ટ્રાન્સફર થઈ.

### પહેલાં Western Union જેવી MTSS સિસ્ટમથી ફંડિંગ મેળવતા

WESTERN UNION WU

- આરોપીઓ 2021 પહેલાં Western Union જેવી MTSS પેમેન્ટ સિસ્ટમ મારફતે પણ વિદેશથી ફંડિંગ મેળવતા.
- 2016થી 2021 દરમિયાન 9 દેશો સાથે આશરે 80 લાખ રૂપિયાના ટ્રાન્ઝેક્શન થયાની વિગતો તપાસ હેઠળ.

### ક્રિપ્ટો કલસ્ટર સાથે પણ આ નેટવર્કનું જોડાણ

- અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ અને ઇઝરાયેલની નેશનલ બ્યુરો ઓફ કાઉન્ટર ટેરરિઝમ દ્વારા માર્ક કરાયેલા ક્રિપ્ટો કલસ્ટર સાથે પણ આ નેટવર્કના જોડાણ સામે આવ્યા.

### ઓપરેશનની સફર

1. ડાર્ક વેબ પર શંકાસ્પદ IP ડીટેક્શન
2. ડ્રગ્સ વેન્ડરના ટ્રાન્ઝેક્શનની ઓળખ
3. 10 ક્રિપ્ટો વોલેટની શોધ
4. 1 વોલેટ ભારતનું, મોહસીન મુલાની સાથે લિંક
5. 9 અન્ય એકાઉન્ટ અને જુબેર પોપટીયાનું કનેક્શન
6. UKથી હવાલા-આંગડિયા મારફતે ફંડ ટ્રાન્સફર
7. મુખ્ય આરોપીઓની ધરપકડ
8. દેશ-વિદેશના એજન્સી કલસ્ટર સાથે જોડાણ અને તપાસ ચાલુ

**ગુજરાત પોલીસની સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની સચોટ ટેક્નિકલ કામગીરીથી પર્દાફાશ!**

GUJARAT POLICE

**સાયબર ક્રાઈમ સામે ગુજરાત પોલીસ સજ્જ!**

તારીખ : 22/05/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## એનિવર્સરી કેક - બેબીશાવર કેક
## સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
## મેક અપ કીટ કેક - ફોટો કેક

# અઢળક કેકની વેરાયટીઓ



## New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

કે.ડી. NEWS

તારીખ : 22/05/2026

# અમરેલી આઈ.ટી.આઈના વિદ્યાર્થીઓ કૌશલ્યના બળે રોજગાર મેળવી આત્મનિર્ભર બન્યા

## આઈ.ટી.આઈ વિદ્યાર્થીઓએ નામાંકિત કંપનીમાં મેળવી ૩.૩૬ લાખ પગાર સુધીની નોકરી

## આઈ.ટી.આઈની તાલીમ બાદ યોગ્ય રોજગારી મળી, હાલ ૨.૭૩ લાખ રૂપિયાનો વાર્ષિક પગાર મળી રહ્યો છે"- શ્રી જયરાજ ગોહિલ

અમરેલી તા. ૨૧ મે, ૨૦૨૬ (ગુરૂવાર) - વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્કિલ ઈન્ડિયા અભિયાનને ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ વેગ આપી રહી છે. ઉદ્યોગોની માંગ મુજબની તાલીમના લીધે આઈ.ટી.આઈના વિદ્યાર્થીઓને રોજગારીના નવા દ્વાર ખૂલી રહ્યા છે. ઔદ્યોગિત તાલીમ સંસ્થા અમરેલી તેના સુદૃઢ માળખા અને અનુભવી શિક્ષકોના માર્ગદર્શનના કારણે વિદ્યાર્થીઓના કરિયરની નવી દિશા આપી રહી છે. સંસ્થામાંથી ફિટર ટ્રેડમાં અભ્યાસ કરનારા બે વિદ્યાર્થીઓએ પ્રતિષ્ઠિત કંપનીઓમાં યોગ્ય રોજગારી મેળવી છે. વર્ષ ૨૦૨૪માં ફિટર ટ્રેડમાંથી પાસ થનારા લાઠી તાલુકાના દૂધાળાબાઈ ગામના જયરાજભાઈ ગોહિલ હાલ હોન્ડા મોટરસાઈકલ એન્ડ સ્કુટર પ્રા.લીમાં ક્વોલિટી ટેકનિશિયલ તરીકે કામ કરી રહ્યા છે. તેમને વાર્ષિક રૂ. ૨,૭૩,૦૦૦ના પેકેજની નોકરી ફક્ત બે વર્ષના ફિટર ટ્રેડની તાલીમ બાદ મળી છે. તાલીમ દરમિયાન ઈન્ટ્રક્ટરશ્રી એમ.વી. ગોસ્વામીના માર્ગદર્શનમાં તેઓએ ઉત્તમ પ્રાયોગિક અને તકનીકી જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, મને ધો. ૧૦ બાદ લાંબો અભ્યાસ કરીને નોકરી મેળવવાના બદલે સ્કિલ્ડ બેઝ તાલીમ મેળવી અને આત્મનિર્ભર થવાની ઈચ્છા હતી. આઈ.ટી.આઈના અભ્યાસમાં મને સ્કોલરશીપ મળી હતી. ફક્ત બે વર્ષના અભ્યાસ થકી મને આજે સન્માનજનક રોજગારી મળી છે. જેમ અનુભવ વધશે તેમ સારી સેલેરી પણ મળશે તેવો મને વિશ્વાસ છે. ફિટર ટ્રેડમાંથી અભ્યાસ પૂર્ણ કરનારા અને મૂળ રંગપુરના વતનીશ્રી ગૌતમભાઈ ચોવટીયાએ સંસ્થાના માર્ગદર્શન અને મહેનત થકી એલ.એન્ડ ટી કંપનીમાં હજીરા ખાતે વાર્ષિક રૂ. ૩,૩૬,૦૦૦ના પગારની નોકરી મેળવી છે. તેમની સફળતા આઈ.ટી.આઈના કૌશલ્યલક્ષી શિક્ષણનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. યુવાનોને સંદેશો આપતા શ્રીચોવટીયા જણાવે છે કે, માત્ર ડિગ્રી જ નહીં પરંતુ કૌશલ્ય (skill) અને ટેકનિકલ જ્ઞાન આજના સમયમાં સફળતાની ચાવી છે. આઈ.ટી.આઈ અમરેલીના વિદ્યાર્થીઓની આ સફળતાને પ્રિન્સીપાલ શ્રી તેજલ ભટ્ટ તેમજ શિક્ષકોએ બિરદાવી છે. આમ ઔદ્યોગિક તાલીમ સંસ્થા અમરેલી કૌશલ્યથી સફળતા અને રોજગારથી આત્મનિર્ભરતાનું ધામ બની રહી છે.


**સમગ્ર રાજ્યમાં અમરેલી આઈ.ટી.આઈએ તૃત્તિય સ્થાન મેળવ્યું**

તારીખ : 22/05/2026

# પી.એમ પોષણ યોજના" અન્વયે બગસરા તાલુકાના વિવિધ મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલકની આવશ્યકતા : 30 મે સુધી અરજી કરવા અનુરોધ

અમરેલી, તા.૨૧ મે, ૨૦૨૬ (ગુરૂવાર) - પી.એમ પોષણ (મધ્યાહન ભોજન) યોજના અન્વયે જિલ્લાના બગસરા તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓના મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલકની આવશ્યકતા છે. બગસરા તાલુકાની તાલુકા શાળા બગસરા કેન્દ્ર નં. ૧૪, શાળા નં.૦૧ બગસરા, કેન્દ્ર નં.૧૫, હામાપુર પ્રાથમિક શાળા કેન્દ્ર નં.૩૧, હુલરીયા પ્રાથમિક શાળા કેન્દ્ર નં. ૩૮, હાલરીયા પ્રાથમિક શાળા કેન્દ્ર નં.૩૯, લુંધીયા પ્રાથમિક શાળા કેન્દ્ર નં. ૪૩માં પ્રથમ પ્રયત્ન હેઠળ સામાન્ય ઉમેદવારોની સંચાલક તરીકે આવશ્યકતા છે. સંચાલક-કમ-કુક માટે ધો. ૧૦ પાસ શૈક્ષણિક લાયકાત અને જો ધો. ૧૦ પાસ ન મળે તો તે જ ગામના ધોરણ-૭ પાસને તક આપવામાં આવશે. ઓછામાં ઓછી ૨૦ વર્ષ અને ૬૦ વર્ષની વચ્ચેની વય ધરાવતા ઉમેદવારોએ નિયત નમૂનામાં અરજી કરવી. જરૂરી નમુનાનું અરજી પત્રક મામલતદાર કચેરી, જિલ્લા સેવાસદન, ગ્રાઉન્ડ ફ્લોર, રાજ મહેલ કેમ્પસ, અમરેલીમાંથી મળી શકશે. જરૂરી વિગતો ભરી આધાર પુરાવા સાથોનું અરજીપત્રક તા. ૨૯.૦૫.૨૦૨૬ સુધી કચેરી સમય દરમિયાન મેળવી અને તા. 30.૦૫.૨૦૨૬ બપોરના ૦૨ વાગ્યા સુધીમાં મામલતદાર કચેરી, બગસરાના રજિસ્ટ્રી ટેબલ પહોંચાડવાનું રહેશે. તેમ બગસરા મામલતદારશ્રીએ એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 22/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...






નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 22/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## આધ્યા
## હરેશભાઈ મહેતા

HAPPY BIRTHDAY

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 22/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## કૃષ્ણગીરી ગોસ્વામી (કાનાભાઈ લીંબડી)

યુવા પ્રમુખ ગુજરાત

દશનામ ગોસ્વામી સમાજ

HAPPY BIRTHDAY



કે.ડી NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

તારીખ : 21/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ગુરૂદેવ કહે છે...

"ખરાબ કરવાથી માણસ એટલો ખરાબ નથી બનતો જેટલો ખરાબ, માણસ ખરાબ જોવાથી અને ખરાબનો વાહક બનવાથી બને છે. નિંદક ખરાબનો વાહક હોય છે કે નથી પણ હોતો, પણ ખરાબનો વાહક તો હોય જ છે. ગટરની દુર્ગંધને સર્વત્ર લઈ જતા પવનને તો માફ કરી શકાય, પણ દોષોની દુર્ગંધને સર્વત્ર પ્રસરાવતા નિંદકને તો શેં માફ કરી શકાય ?"




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



नो नेगेटीव न्यूझ
# કે.ડી. NEWS
તારીખ : 22/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


Shree Shivkrupanand Swami
Year2026

Gurutattva

3400
22/05/2026
Friday

## आत्मा

और जीने की लालसा
ही "मुक्त" स्थिती पाने के
बीच की बाधा होती है।
बाबास्वामी
22/5/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram :** t.me/ShreeShivkrupanandSwami **Whatsapp :** Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 22/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





**એક દોસ્તે** બીજા દોસ્ત ને કહ્યું અભિનંદન દોસ્ત. આજે તારી જિંદગીનો સૌથી ખુશીનો દિવસ છે.ગટુ-આભાર. પરંતુ મારા લગ્ન તો આવતીકાલે થવાના છે.મોન્ટુ -હું જાણું છું. એટલે જ તો આજે કહું છું.....

**મોન્ટુ:**જેનું દિલ સાફ હોય તેમને શું જરૂર હોતી નથી?
ચિન્ટુ: નાહવાની...........

**પત્નીએ** પતિને કીધું આજે બહાર જમવું છે પતિ કહે કોઈ વાંધો નહીં ઝડપથી ભાખરી અને શાક બનાવી લે કોઈ સારી હોટલની બહાર જમી લઈશું.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 22/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 22 મે
# મહત્વની ઘટનાઓ

## જન્મ

૧૪૦૮ – અન્નામાચાર્ય, દક્ષિણ ભારતીય હિંદુ સંત. (અ. ૧૫૦૩)

૧૭૭૨ – રાજા રામમોહનરાય,સમાજ સુધારક (અ. ૧૮૩૩)

૧૮૫૯ – આર્થર કૉનન ડોયલ, સ્કોટીશ ચિકિત્સક અને જાસૂસી કથા શેરલોક હોમ્સના લેખક. (અ. ૧૯૩૦)

૧૯૪૦ – એરોપલ્લી પ્રસન્ના, ભારતીય ક્રિકેટર

૧૯૫૯ – મહેબૂબા મુફ્તી, જમ્મુ-કાશ્મીર પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી)ના ભારતીય રાજકારણી અને જમ્મુ-કાશ્મીરના છેલ્લા મુખ્યમંત્રી.

## અવસાન

૧૫૪૫ – શેર શાહ સૂરી, ભારતમાં સૂરી સામ્રાજ્યના સ્થાપક અને રૂપિયાનું ચલણ રજૂ કરનાર શાસક. (જ. ૧૪૮૬)

૧૯૯૧ – શ્રીપાદ અમૃત ડાંગે, ભારતીય સામ્યવાદી નેતા તેમ જ કામદાર આગેવાન.

## તહેવારો અને ઉજવણીઓ

આંતરરાષ્ટ્રીય જૈવિક વિવિધતા દિવસ

શ્રીલંકા: ગણતંત્ર દિવસ

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 22/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

## નાની-મોટી

## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 22/05/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે

# ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 22/05/2026

SINCE 1923 KD NEWS PAPER

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




65K

50K

28K

100K

**સંપર્ક : મો. 94997 97973**